### ભાજપના ‘ગઢ’માં ગાબડું પાડશે આંતરિક વિખવાદ? : સત્તા માટે પૂર્વ મંત્રી અને પૂર્વ ધારાસભ્યના જૂથો આમને-સામને જોવા મળ્યાં

# પેટલાદ ભાજપમાં જૂથબંધીના ગરમાટા વચ્ચે દાવેદારોનો રાફડો

**ધારાસભ્ય કમલેશ** પટેલ અને ભાજપમાં નવા જોડાયેલા નિરંજન પટેલ વચ્ચે જૂથબંધી જોવા મળી રહી છે

(પ્રતિનિધિ) પેટલાદ તા.2

પેટલાદ નગરપાલિકા અને તાલુકા પંચાયતની સામાન્ય ચુંટણીઓ યોજાવાની છે. જેમાં ઉમેદવારોની પસંદગી માટે ભાજપ દ્વારા આજે સેન્સ પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેમાં દાવેદારોનો રાફડો ફાટી નીકળતા પાર્ટીના નિરીક્ષકો પણ આશ્ચર્યમાં પડી ગયા હતા. પેટલાદ પાલિકાની 36 બેઠકો માટે 115, તાલુકા પંચાયતની 28 બેઠકો માટે 121 અને જીલ્લા પંચાયતની 6 બેઠકો માટે 40 દાવેદારોએ આજરોજ પક્ષમાં ફોર્મ ભરી મેન્ડેટની માંગણી કરી છે. આ જોતાં સમગ્ર જીલ્લામાં અહીંયા ભાજપની જુથબંધી ચરમસીમા ઉપર હોવાનો ગણગણાટ શરૂ થઈ ગયો છે. જુથબંધીને કારણે પેટલાદની પાલિકા અને પંચાયતમાં પ્રમુખપદ માટે પરસેવો પડવાના એંધાણ અત્યારથી જ વર્તાઈ રહ્યાં છે.

આણંદ જીલ્લાની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ઉમેદવારી માટે ભાજપ દ્વારા હાલ સેન્સ પ્રક્રિયા ચાલી રહી છે. જે અંતર્ગત ગોકુલધામ નાર ખાતે આજરોજ સવારે પેટલાદ શહેર અને તાલુકાની કામગીરી શરૂ થઈ હતી. પેટલાદ નગરપાલિકાની 36 બેઠકો માટે દાવેદારોના ફોર્મ સ્વીકારવા અને રજુઆત સાંભળવાની પ્રક્રિયા નિરીક્ષકોએ શરૂ કરી હતી. જેમાં પેટલાદની જુથબંધી ચર્ચાનો વિષય બન્યો હતો.


તસવીર: વિનાયક આણંદજીવાલા

પેટલાદ પાલિકામાં ગત પાંચ વર્ષ દરમ્યાન સત્તાધિશોનું જુથ મંત્રી કમલેશ પટેલનું હોવાનું જગજાહેર છે. તેવી જ રીતે કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલ પૂર્વ ધારાસભ્ય નિરંજન પટેલનું બીજું જુથ પણ સક્રિય બન્યું છે. એટલે આજે આ બંન્ને જુથના દાવેદારોએ ફોર્મ ભરીને નિરીક્ષકોને આપ્યા હતા. પરંતુ નિરંજન પટેલ સહિતનું જુથ લગભગ બે વર્ષથી જ ભાજપ સાથે હોવાથી તેઓના દાવેદારો સક્રિય સભ્યપદના ત્રણ પૂર્ણ કરી શક્યા નથી. જેથી તેઓના દાવેદારો માટે પાર્ટી શું નિર્ણય કરે છે ? એ વાત હાલ ટોક ઓફ ધ ટાઉન છે.

આ ઉપરાંત લગભગ 115 પૈકી કેટલાક દાવેદારો સી.ડી. પટેલ અને હેમંત પટેલ જુથના હોવાની વાત ચર્ચાસ્પદ બની છે. જો કે જ્યારથી નિરંજન પટેલે પંજો છોડી કમળ સાથે હાથ મિલાવ્યો છે ત્યારથી પૂર્વ મંત્રી સી.ડી. પટેલે ભાજપ સાથે અંતર બનાવી લીધું છે. પરંતુ આ 115 પૈકી કોણ ક્યા જુથ સાથે માનવા એ કોયડો ખૂબ જ અઘરો છે. આમ છતાં આગામી સમયમાં પેટલાદ પાલિકાની ચુંટણી માટે ભાજપ જે પેનલ ઉતારશે. તેની સામે પાર્ટીના જ ટીકીટ વાંચ્છુઓ મેદાનમાં આવવાની શક્યતાઓ સેવાઈ રહી છે. તેવી જ રીતે તાલુકા પંચાયતની 28 બેઠકો માટે 121 અને જીલ્લા પંચાયતની 6 બેઠકો માટે 40 જેટલા દાવેદારોએ ફોર્મ ભરી ચુંટણી લડવાની તૈયારી બતાવી જે. જેથી પેટલાદ પાલિકા તથા પંચાયતની ચુંટણી માટે ઉમેદવારોની પસંદગી કરવામાં ભાજપ મોવડી મંડળ દ્વારા સામ, દામ, દંડ, ભેદની નિતી અપનાવવામાં આવે તો પણ નવાઈ નહીં !

### પેટલાદ નગરપાલિકામાં ગત ટર્મ વિપક્ષમાં રહેલા મુસ્લિમ સભ્યની દાવેદારીથી આશ્ચર્ય

હિન્દુત્વની વિચારધારા ધરાવતા ભાજપમાં પેટલાદ નગરપાલિકાની ચુંટણી માટે ત્રણ જેટલા મુસ્લિમ દાવેદારોએ ફોર્મ ભર્યા હતા. જે પૈકી ફિરોઝ વ્હોરા ગતબોર્ડમાં ભાજપ સામે વિપક્ષની ભૂમિકામાં હતા. ઉપરાંત અન્ય બે મુસ્લિમ ઈસમોએ પણ ભાજપના મેન્ડેટ સાથે ચુંટણી લડવાની તૈયારી બતાવતા આ મુદ્દો ચર્ચાનો વિષય બન્યો હતો.

### દારૂના પેડલરો ટીકીટ માંગતા આશ્ચર્ય

પેટલાદ નગરપાલિકાની સામાન્ય ચુંટણી 9 વોર્ડની 36 બેઠકો માટે યોજાનાર છે. જે માટે આજરોજ દાવેદારોના ફોર્મ પાર્ટીના નિરીક્ષકોએ સ્વિકાર્યા હતા. આ દાવેદારો પૈકી કેટલાક દારૂના વેપલા સાથે સંકળાયેલ છે. જ્યારે કેટલાક દાવેદારના પરિવારમાંથી કોઇ દારૂનો વેપલો કરે છે. આવા દારૂના વેપારીઓની ભાજપમાંથી દાવેદારીનો મુદ્દો નગરજનોમાં ટોક ઓફ ધ ટાઉન બન્યો છે.

### ભાજપમાં દાવેદારોની હોડ જામી



આણંદ જિલ્લામાં છેલ્લા બે દિવસથી પાલિકા પંચાયતની ચુંટણી માટે ભાજપ દ્વારા સેન્સ પ્રક્રિયા તથા દાવેદારોના ફોર્મ નિરીક્ષકો દ્વારા લેવામાં આવી રહ્યા છે. આજરોજ ગોકુલધામ નાર ખાતે પેટલાદ અને તારાપુર માટે આ પ્રક્રિયા યોજાઈ હતી. જેમાં પેટલાદ નગરપાલિકાની 36 બેઠકો માટે 115, તાલુકા પંચાયતની 28 બેઠકો માટે 121 અને જીલ્લા પંચાયતની 6 બેઠકો માટે 40 દાવેદારોએ ફોર્મ રજુ કર્યા હતા. તેવી જ રીતે તારાપુર નગરપાલિકાની 24 બેઠકો માટે 84 તથા તાલુકા - જીલ્લા પંચાયતની બેઠકો માટે 47 લોકોએ દાવેદારી નોંધાવી હોવાનું જાણવા મળે છે.

### ખેડામાં ગૌચરમાંથી માટી ચોરતા 7 ડમ્પર અને હિટાચી મશીન ઝડપાયા

# ખેડામાં યુવાશક્તિનો ભૂમાફિયા પર પ્રહાર

**પોલીસ અને ખાણ-** ખનીજ વિભાગે એક ભરેલું અને 6 ખાલી ડમ્પર કબજે કર્યા




તસવીર: પ્રજ્ઞેશ ભાવસાર

(પ્રતિનિધિ) ખેડા તા.2

ખેડામાં ભૂમાફિયાઓની વધતી જતી રંઝાડ વચ્ચે જનતાની જાગૃતિનું ઉત્તમ ઉદાહરણ જોવા મળ્યું છે. ખેડા પાલિકા વિસ્તારમાં આવેલા વાઘજીપુરા ગામની ગૌચર જમીનમાંથી રાત્રિના અંધારામાં બેફામ માટી ચોરી કરી રહેલા તત્વોને સ્થાનિક યુવાનોએ રંગેહાથ ઝડપી પાડ્યા હતા. ‘સબ ભૂમિ ગોપાલ કી’ના નારા સાથે સરકારી જમીનને ખુંદી રહેલા માફિયાઓ સામે ખુમરવાડ ગામના યુવાનોએ મોરચો માંડી કરોડોની કિંમતના વાહનો ખાણ-ખનીજ વિભાગને સોંપ્યા હતા.

ખેડા કેમ્પ પાછળ આવેલા વાઘજીપુરાની ગૌચર જમીનમાંથી ગઈકાલે મોડી રાત્રે ઈટાચી મશીન વડે મોટા પાયે માટી ખોદકામ ચાલી રહ્યું હતું. આ બાબતની જાણ બાજુના ખુમરવાડ ગામના યુવાનોને થતા તેઓ મોટી સંખ્યામાં ઘટનાસ્થળે દોડી ગયા હતા. યુવાનોએ તાત્કાલિક 112 નંબર પર પોલીસને જાણ કરી હતી, જેના પગલે ખેડા પોલીસ અને ખાણ-ખનીજ વિભાગની ટીમ સ્થળ પર પહોંચી હતી.

સૂત્રો અને પ્રાથમિક વિગતો મુજબ, વાઘજીપુરાની આ કિંમતી ગૌચર જમીનમાં ભરત ભરવાડ નામના ભૂમાફિયા દ્વારા કોઈ પણ ડર વગર માટીનું ખનન કરાવવામાં આવતું હતું. સ્થાનિકોના આક્રોશ વચ્ચે તંત્રએ આ ગેરકાયદે પ્રવૃત્તિ પર લગામ કસવા કાર્યવાહી તેજ કરી છે.

આ અંગે ભૂસ્તરશાસ્ત્રી ચંદ્રેશભાઈ એમ. પરમાર અને તેમની ટીમ દ્વારા ઘટનાસ્થળેથી એક સેની કંપનીનું હાઈડ્રોલિક એક્સેવેટર (હિટાચી) અને કુલ 7 ડમ્પર જપ્ત કરવામાં આવ્યા છે. જે પૈકી એક ડમ્પર માટીથી ભરેલું હતું જ્યારે અન્ય 5 ડમ્પર ખાલી હતા. આ તમામ વાહનોને ખેડા પોલીસ કેમ્પ ખાતે કસ્ટડીમાં મૂકીને આગળની કાયદેસરની દંડકીય કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ખેડા જિલ્લામાં ખાણ-ખનીજ વિભાગની ડ્રાઈવ ચાલી રહી છે, પરંતુ સરકારી તંત્ર કરતા જનતાની જાગૃતિ વધુ અસરકારક સાબિત થઈ છે. વાઘજીપુરાની ઘટનામાં જો ખુમરવાડના યુવાનોએ હિંમત ન બતાવી હોત તો રાતોરાત હજારો ટન માટી ચોરાઈ ગઈ હોત. અધિકારીઓએ પણ સ્વીકાર્યું છે કે આવી જનજાગૃતિથી જ ખનન માફિયાઓમાં ફફડાટ ફેલાશે.

# ખેડા જિલ્લામાં ચૂંટણીના પગલે આચારસંહિતાનો અમલ શરૂ

**જિલ્લા પંચાયતમાં 6** લાખ અને મનપામાં 9 લાખ સુધીની ખર્ચ મર્યાદા નક્કી

### સિંગલ વિન્ડો સિસ્ટમ અને લાઉડ સ્પીકર

સભા, રેલી અને સરઘસની મંજૂરી માટે તંત્ર દ્વારા ‘સિંગલ વિન્ડો સિસ્ટમ’ કાર્યરત કરાઈ છે. પ્રચાર માટે લાઉડ સ્પીકર વગાડવા માટે સવારના ૮ થી રાતના ૧૦ વાગ્યા સુધીની જ મંજૂરી મળી શકશે. ચૂંટણી પૂર્ણ થવાના ૪૮ કલાક પહેલા તમામ પ્રકારનો પ્રચાર બંધ કરવાનો રહેશે.

(પ્રતિનિધિ) નડિયાદ તા.2

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીની જાહેરાત કરવામાં આવતા જ ખેડા જિલ્લામાં આદર્શ આચારસંહિતાનો અમલ શરૂ થઈ ગયો છે. કલેક્ટર અમિત પ્રકાશ યાદવે આપેલી માહિતી મુજબ, ખેડા જિલ્લામાં 26મી એપ્રિલના રોજ મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ ચૂંટણીમાં જિલ્લા પંચાયતની 42 બેઠકો, 9 તાલુકા પંચાયતોની 176 બેઠકો અને નડિયાદ મહાનગરપાલિકાના 13 વોર્ડની 52 બેઠકો માટે સંગ્રામ જામશે. આ ઉપરાંત કપડવંજ, કણજરી, કઠલાલ અને ઠાસરા નગરપાલિકાઓમાં પણ સામાન્ય ચૂંટણી યોજાનાર છે.

ખેડા જિલ્લા ચૂંટણી વિભાગ દ્વારા ઉમેદવારોના ચૂંટણી ખર્ચની મર્યાદા પણ નક્કી કરવામાં આવી છે, જેમાં જિલ્લા પંચાયતના ઉમેદવાર માટે છ લાખ, તાલુકા પંચાયત માટે 3 લાખ અને નડિયાદ મનપાના દરેક વોર્ડના ઉમેદવાર માટે 9 લાખ સુધીનો ખર્ચ માન્ય રહેશે. નગરપાલિકામાં વોર્ડની સંખ્યા મુજબ 2.25 લાખથી 3.50 લાખ સુધીની મર્યાદા રહેશે. દરેક ઉમેદવારે ચૂંટણી ખર્ચના હિસાબો ફરજિયાતપણે ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કરવાના રહેશે. પ્રચાર માટે વપરાતા હોર્ડિંગ્સની સાઈઝ 15 બાય 8 ફૂટથી વધુ ન રાખવા અને પ્રચાર સાહિત્યમાં મુદ્રક-પ્રકાશકનું નામ દર્શાવવા કડક સૂચના અપાઈ છે.

### ગ્રામ પંચાયતનો અંધેર વહીવટ, ‘નલ સે જલ’ યોજનામાં ગંભીર બેદરકારી

# મોટીઝેરમાં કિંમતી સાધનો 8 મહિનાથી ધૂળ ખાઈ રહ્યા છે

**સુરક્ષા વગર ખુલ્લા** મેદાનમાં પડી રહેલી મોંઘીદાટ મોટરો બગડવાની ભીતિ, ગ્રામજનોમાં ભારે રોષ

(પ્રતિનિધિ) કપડવંજ તા.2

કપડવંજ તાલુકાના મોટીઝેર ગામમાં પંચાયતની ઘોર બેદરકારી સામે આવી છે. એક તરફ સરકાર છેવાડાના માનવી સુધી પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવા માટે ‘નલ સે જલ’ જેવી યોજનાઓ પાછળ કરોડો રૂપિયાનું આંધણ કરી રહી છે, ત્યારે બીજી તરફ મોટીઝેર ગામમાં જનતાના ટેક્સના પૈસાનું રીતસરનું ધોવાણ થઈ રહ્યું હોય તેમ હજારો રૂપિયાની



કિંમતની પાણીની મોટર છેલ્લા ૮ મહિનાથી કોઈપણ સુરક્ષા વગર ખુલ્લામાં પડી રહી છે

સ્થાનિક નાગરિકોના જણાવ્યા અનુસાર, મોટીઝેર ગ્રામ પંચાયત દ્વારા ખરીદવામાં આવેલી આ મોંઘીદાટ મોટરો અને અન્ય ટેકનિકલ સાધનોને યોગ્ય શેડ કે રૂમમાં રાખવાને બદલે ખુલ્લા મેદાનમાં ફેંકી દેવામાં આવ્યા છે. કાળઝાળ તડકો હોય કે ધોધમાર વરસાદ, આ સરકારી મિલકત કોઈ જ દેખરેખ વગર પડી રહેતા તે બગડી જવાની ભીતિ સેવાઈ રહી છે. ગ્રામજનો આક્ષેપ કરી રહ્યા છે કે વહીવટી અધિકારીઓની નિષ્ક્રિયતાને કારણે સરકારી મિલકતને નુકસાન થઈ રહ્યું છે.

આ અંધેર વહીવટના વિડિયો વાયરલ થતા પંચાયતના સત્તાધીશોની કામગીરી સામે અનેક સવાલો ઉઠ્યા છે. શું જવાબદાર સત્તાધીશોને આ ઉડીને આંખે વળગતી બેદરકારી દેખાતી નથી? તેવો પ્રશ્ન લોકમુખે ચર્ચાઈ રહ્યો છે. હાલ તો ગ્રામજનોની માંગ છે કે આ મામલે સત્વરે તપાસ થાય અને જવાબદારો સામે કડક પગલાં લેવામાં આવે જેથી જનતાની કમાણીનો વેડફાટ અટકે.

# આણંદ : એક જ જમીન 2 વ્યક્તિને વેચી ઠગાઈ કરી

**7/12ના ઉતારામાં** નામ ન બદલાયું હોવાનો ગેરફાયદો ઉઠાવી મૂળ માલિકે જ જમીન બીજાને પધરાવી દીધી

(પ્રતિનિધિ) આણંદ તા.2

આણંદના સામરખા ગામની સીમમાં આવેલી ખેતીલાયક જમીન મામલે મુંબઈમાં રહેતા એક વૃદ્ધ સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આરોપીએ એક જ જમીન બે વાર વેચી દઈ આર્થિક કૌભાંડ આચર્યું હોવાની ફરિયાદ આણંદ પોલીસ મથકે નોંધાઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, સામરખાના લાલજીભાઈએ વર્ષ 2017માં પોતાની સર્વે નંબર 406/1 વાળી જમીન ફરિયાદી મેમનજી રાજે મોમીનને 4 લાખમાં વેચાણ આપી કબજો સોંપ્યો હતો. જોકે, ખરીદનાર વૃદ્ધે રેવન્યુ રેકોર્ડમાં નામ દાખલ કરાવ્યું ન હોવાથી, સરકારી દસ્તાવેજોમાં લાલજીભાઈનું જ નામ ચાલતું હતું. જોકે, જમીનના ભાવમાં વધારો થતા આરોપી લાલજીભાઈએ મેલી મુરાદ રાખી આ જ જમીન ફરીથી ગંગાબેન ભરવાડને 10,32,400માં વેચી મારી હતી. ગત 3જી જૂન 2025ના રોજ જ્યારે મૂળ ખરીદનાર મેમનજી પોતાની જમીન પર ગયા, ત્યારે ત્યાં અન્ય શખ્સોને જેસીબીથી કામ કરતા જોઈ આ સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો. આ મામલે આણંદ રૂરલ પોલીસે છેતરપિંડીનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

અલબત્ત, આવા કિસ્સા અગાઉ પણ અનેક વખત બન્યાં છે. જેમાં એનઆરઆઈની જમીન પણ વેચાયાના બનાવો બન્યાં છે.

### ખેડા જિલ્લામાં ચૂંટણીની જાહેરાત સાથે પ્રચાર સાહિત્ય હટાવાયું



રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરાતા જ સમગ્ર ખેડા જિલ્લામાં આદર્શ આચારસંહિતા લાગુ થઈ છે. કલેક્ટર અને ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ નડિયાદ સહિત વિવિધ તાલુકા મથકોએ સરકારી મિલકતો, વીજળીના થાંભલા અને જાહેર દીવાલો પરથી 150થી વધુ રાજકીય હોર્ડિંગ્સ અને બેનરો દૂર કરવામાં આવ્યા હતા. નડિયાદના બસ સ્ટેન્ડ અને રેલવે સ્ટેશન જેવા વ્યસ્ત વિસ્તારોમાં ગેસ કટરની મદદથી નેતાઓના ફોટાવાળા મોટા બોર્ડ હટાવીને 24 કલાકમાં જ જાહેર મિલકતોને પ્રચાર મુક્ત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

# વડતાલધામમાં ચૈત્રી સમૈયા અને મારુતિ યજ્ઞની દબદબાભેર પૂર્ણાહુતિ

**વડતાલધામ એ** સાક્ષાત વૈકુંઠ સમાન સર્વોપરી તીર્થધામ છે: લાલજી સૌરભપ્રસાદજી

(પ્રતિનિધિ) આણંદ તા.2

સ્વામિનારાયણ સંપ્રદાયના અક્ષરધામ તુલ્ય વડતાલધામમાં ગુરૂવારે ચૈત્રી સમૈયાની ભવ્ય પૂર્ણાહુતિ યોજાઈ હતી. આ અવસરે વરંડામાં આવેલ અને આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજ દ્વારા પ્રસ્થાપિત હનુમાનજી મંદિરે મારુતિ યજ્ઞનું પણ સમાપન કરવામાં આવ્યું હતું. ધોલેરા ધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે આયોજિત આ સમૈયામાં મોટી સંખ્યામાં હરિભક્તો ઉમટી પડ્યા હતા.

આ પૂર્ણાહુતિ આરતીમાં મંદિરના ચેરમેન ડો. સંત સ્વામી, કોઠારી દેવપ્રકાશ સ્વામી, સત્સંગ મહાસભાના પ્રમુખ શાસ્ત્રી નૌતમ પ્રકાશદાસજી સહિત સંપ્રદાયના વરિષ્ઠ સંતો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત અગ્રણી હરિભક્તો મનોજભાઈ અજમેરા, જસભાઈ ભરૂચ, ચંદુભાઈ મિત્રાલ અને પ્રિયાંક પટેલ પણ આ ધાર્મિક વિધિમાં જોડાયા હતા.

આ પ્રસંગે હરિભક્તોને આશીર્વાદ આપતા મોટા લાલજી સૌરભપ્રસાદજીએ જણાવ્યું હતું કે, સત્સંગ આપણા કલ્યાણ અર્થે કરવો જોઈએ. તેમણે વડતાલધામને સર્વોપરી તીર્થધામ ગણાવતા કહ્યું કે, શ્રીહરિએ સાક્ષાત વૈકુંઠના લક્ષ્મીનારાયણ દેવને અહીં સ્થાપિત કર્યા છે. ગઢડા પ્રથમના 10મા વચનામૃતનો સંદર્ભ આપતા તેમણે ઉમેર્યું કે, સંતોના સમાગમથી ભગવાનમાં અડગ નિશ્ચય થાય છે.

વધુમાં તેમણે ભાર પૂર્વક જણાવ્યું હતું કે, ભક્તોએ હંમેશા ભગવાનની આજ્ઞાનું પાલન કરવું જોઈએ અને લક્ષ્મીનારાયણ દેવ, મદનમોહનજી મહારાજ કે નરનારાયણ દેવ સાથે હંમેશા જોડાયેલા રહેવું જોઈએ. જો આપણે ગુરુસ્થાને વિરાજમાન પૂ. આચાર્ય મહારાજની આજ્ઞા પ્રમાણે જીવનમાં વર્તીશું, તો ભગવાન ચોક્કસપણે રાજી થશે.




ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225